# નિલગાય પ્રભાવિત વિસ્તારોમાં ટ્રાફીક પોલીસે સાઈનબોર્ડ લગાવ્યા

## રસ્તા વચ્ચે રખડતી નિલગાયથી વધી ગયેલા જીવલેણ અકસ્માતો ડામવા રેન્જ ડીઆઈજીપીની સુચનાથી આવા વિસ્તારોનો અભ્યાસ કરી વાહન ધીમે ચલાવોના સાઈન બોર્ડ લગાવી દેવાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરની આસપાસના કેટલાક વિસ્તારોમાં તથા જિલ્લાના અન્ય કેટલાક ગ્રામ્ય વિસ્તારો પાસે હાઈવે પર અચાનક નિલગાય આવી રસ્તે આવી જતા અકસ્માત સર્જાયો છે. જે સંદર્ભે ગાંધીનગર જિલ્લામાં પણ ડીએસપી શરદ સિંઘલે ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતને આ અભ્યાસ કરી ચોકકસ નિલગાય પ્રભાવિત વિસ્તારો જાહેર કરવા




જવાથી થતા જીવલેણ વાહન અકસ્માતોનું પ્રમાણ વધી જતા રેન્જ ડીઆઈજીપીની સુચનાથી આવા વિસ્તારોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને નિલગાય પ્રભાવિત વિસ્તાર જાહેર કરીને ત્યાં વાહન ધીમે ચલાવવા અનુરોધ કરતા સાઈનબોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ૪૦થી વધુ સાઈન બોર્ડ જિલ્લા ટ્રાફીક પોલીસે લગાવ્યા છે.

ગાંધીનગર રેન્જ ડીઆઈજીપી રાજીવ રંજન ભગત ની સુચનાથી રેન્જ વિસ્તારમાં એક અભ્યાસ કરવામાં આવ્યો હતો કે કેટલા વિસ્તારમાં નિલગાય જણાવ્યું હતું. જિલ્લામાં અડાલજ, ઈન્ફોસીટી, કલોલ તાલુકા, માણસા, ચિલોડા, ડભોડા, દહેગામ, પેથાપુર, સે-૨૧ અને સે-૭ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ૪૦થી પણ વધુ આવા નિલગાય પ્રભાવિત વિસ્તારો જાહેર કરી તે તમામ સ્થળો પર સુરક્ષા સેતુ અંતર્ગત ‘નિલગાય પ્રભાવિત વિસ્તાર’, ‘વાહન ધીમે ચલાવો’ ના લખાણ તથા ફોટો વાળા તૈયાર કરવામાં આવેલા મોટા મોટા સાઈન બોર્ડ લગાડવામાં આવ્યા છે. ખાસ કરીને નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે પર આવા નિલગાય પ્રભાવિત વિસ્તાર વધુ જોવા મળ્યા છે.

# પ્રેમસંબંધ લગ્નમાં ન પરીણમતા પ્રેમી-પંખીડાનો કેનાલમાં અપઘાત

## સાબરકાંઠા જિલ્લાનું પ્રેમી યુગલ બે દિવસથી ગુમ હતુ : રાયપુર કેનાલમાંથી આજે વહેલી સવારે મૃતદેહ મળ્યો : કેનાલ પાસે જ બન્નેના પરિવારે અંતિમ વિધિ કરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક સ્થિત રાયપુર નર્મદે કેનાલમાંથી આજે વહેલી સવારે એક પ્રેમી યુગલના તરતા મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સાબરકાંઠાના એક ગામનું આ યુગલ પ્રેમમાં હતુ અને લગ્નમાં તેમના સંબંધ ન પરિણમતા બે દિવસથી બંને ગાયબ થઈ ગયા હતા અને અંતે કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. બંનેના પરિવારજનો સ્થળ પર આવી ગયા હતા અને કોઈ પોલીસ કાર્યવાહી કરવાની ના પાડી દઈ સ્થળ પર જ અંતિમવિધિ કરી નાંખી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીકના એક ગામનું પ્રેમી યુગલ શુક્રવારથી ઘરેથી લાપત્તા હતુ. યુવક અને યુવતી બન્ને એકબીજાના પ્રેમમાં હતા પરંતુ બંનેના પ્રેમ સંબંધ લગ્નમાં બંધાઈ શકે તેમ ન લાગતા આખરે તેમણે જીવન ટુંકાવી દેવાનો નિર્ણય લઈ લીધો હતો. શુક્રવારથી ગાયબ થઈ ગયેલા પ્રેમી પંખીડાના મૃતદેહ આજે સવારે રાયપુર નર્મદા કેનાલમાંથી મળી આવ્યા હતા. પોલીસ અને પરિવારજનોને જાણ થતા સ્થળ પર આવી પહોંચ્યા હતા અને બન્ને યુગલના પરિવારજનોએ પોલીસ કાર્યવાહી કરવાની મનાઈ કરી હતી. બંનેના પરિવારજનોએ સ્થળ પર જ અંતિમવિધિ પણ કરી નાંખી હતી.

# લોદરા ગામના જૈન દેરાસરમાં તસ્કરોનો હાથફેરો : ૮.૯૧ લાખની ચોરી

## દેરાસરનું તાળુ તોડીને ૨૦ કિલો ચાંદી, ભગવાનનો મુગટ અને શણગાર પણ સાફ કરી ગયા

ગાંધીનગર, તા.૩૧

જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત લોદરા ગામના જૈન દેરાસરનું ફિંગપ્રિન્ટ નિષ્ણાંતને બોલાવી તસ્કરો સુધી પહોંચવા વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે. મુગટ, ૨૦ કિલો ચાંદી, ૩૦ ગ્રામ સોનું તથા રૂ. ૧૫૦૦ રોકડા સહિત કુલ રૂ. ૮,૯૧,૫૦૦નો મુદામાલ



તાળુ તોડીને તસ્કરો દેરાસરમાંથી ૨૦ કિલો ચાંદી, સોનુ, ભગવાનની મૂર્તિ પરથી મુગટ તથા દાગીના અને શણગાર મળીને કુલ રૂ. ૮.૯૧ લાખની મતાની ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. માણસા પોલીસે ગુનો દાખલ કરીને ડોગ સ્કવોર્ડ તથા

માણસા તાલુકાના લોદરા ગામમાં આવેલા જૈન દેરાસરમાં ગઈ કાલે પર્યુષણના છેલ્લા દિવસની ઉજવણી બાદ મોડી સાંજે દેરાસરને તળુ મારીને સેવકો નીકળી ગયા હતાં. રાત્રી દરમિયાન દેરાસરનાં દરવાજાનું તાળુ તોડીને ભગવાનને પહેરાવેલા તસ્કરો ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. દેરાસરના સેવક જીતેન્દ્રભાઈ રતિલાલ સુખડીયાની ફરિયાદને આધારે માણસા પી.આઈ. એલ.બી. મોણપરાએ ગુનો દાખલ કરીને તસ્કરો સુધી પહોંચવા બારીકાઈથી તપાસ હાથ ધરી છે.

# જિલ્લાના ૪૦૦ હોમગાર્ડ જવાનો આજે અંબાજી મેળામાં ફરજ બજાવવા રવાના થશે

ગાંધીનગર, તા. ૩૧

જગત જનની મા અંબાનો પ્રાગટ્ય દિવસ એટલે ભાદરવી પૂનમ. રાજ્યનો સૌથી લાંબો ચાલતો ભાદરવી પૂનમના મેળામાં રાજ્યના લાખ્ખો લોકો પદયાત્રા કરી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ત્યારે આ મેળામાં સલામતી માટે ગાંધીનગર જિલ્લાના ૪૦૦ થી વધુ હોમગાર્ડ જવાનો જોડાશે.

સૌથી મોટો મેળો એટલે ભાદરવી પૂનમનો મેળો રાજ્ય અને રાજ્ય બહારના માઈ-ભક્તો દર્શન કરવા દૂરદૂરથી પગપાળા ચાલી આવતા હોય છે. ત્યારે માઈ ભક્તોની રક્ષા કરવા માટે ગાંધીનગર જિલ્લાના વિવિધ યુનિટોના ૪૦૦ હોમગાર્ડ જવાનો બંદોબસ્તમાં ફરજ બજાવશે.

હોમગાર્ડ જવાનો એલ.એન. જેઠવા ઈન્ચાર્જ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ અને નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ડભોડા યુનિટના કંપની કમાન્ડર દશરથસિંહ પરમારની આગેવાની હેઠળ આજે સવારે અંબાજી જવા રવાના થશે. આ હોમગાર્ડ જવાનો તા. ૯ સપ્ટેમ્બર સુધી મેળામાં ફરજ બજાવશે. અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થાની કામગીરી સંભાળશે.

# બલરામ ભવન ખાતે રાજયમાં વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું

## સે-૧૨ બલરામ મંદિર ખાતે બલરામ જન્મ જયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૧૨માં આવેલ બલરામ ભવનમાં આજે બલરામ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય કિસાન સંઘ દ્વારા રાજયમાં વિશિષ્ટ યોગદાન આપનાર સોનુ નહિ, કન્યા કળવણી, ગૃહ ઉદ્યોગ, આરોગ્ય ક્ષેત્રે યોગદાન આપનાર મહિલાઓને સન્માનવામાં આવી હતી.

જેમાં પોતાના ૭૦ વર્ષના જીવનમાં ૧૦૮ વાર રકતદાન કરનાર કેતકીબેન શાહ અને ૧૦ વર્ષથી સ્ત્રી ભૃણ પ્રદાન અંગે માહિતી આપી કસ્તુરબા ગાંધીના જીવન કાળની માહિતી પુરી પાડી હતી તેમણે કસ્તુરબાની જેલમાં જવાની હિંમતને દાદ આપી ઉપસ્થિત મહિલાઓને આર્શીવાદ પાઠવ્યા હતા અને સંઘની કામગીરીને બિરદાવી હતી.



મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં રાજયની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

ભારતીય કિસાન સંઘ દ્વારા આજે બલરામ ભગવાનની જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉવજણી કરવામાં આવી હતી. સેકટર-૧૨ બલરામ મંદિર ખાતે સવારે બલરામજીને શણગાર કરી, પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં કિસાનો ઉપસ્થિત રહ્યા હતાં.

ત્યારબાદ મંદિર પરિસરમાં રાજયમાં વિશિષ્ટ યોદાન આપનાર મહિલાઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજયની અલગ અલગ ક્ષેત્રમાં કાઠુ કાઢનાર જેમાં પશુપાલન, ડેરી ઉદ્યોગ, ખેતી, સ્ત્રી ભૃણ હત્યા, સંગીત, રકતદાન, કરિયાવરમાં હત્યા નહિ કરવા પર વકતવ્ય આપી જન જાગૃતિ ફેલાવનાર બેબી કૃતિને શ્રેષ્ઠ વકતા તરીકે સન્માનવામાં આવી હતી. ભા.કિ. સંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી ચંદ્રિકાબેન સેજલીયાએ મહિલાઓના પ્રદાન અને સંગઠનની માહિતી આપી હતી.

દિનેશજીએ મહિલાઓનું આદિ અનાદિ કાળથી પ્રદાન રહેલું છે તેની વિસ્તૃત માહિતી આપી નારી રત્નોને તેમના કામ બદલ શુભેચ્છા પાઠવી હતી. મહિલા આયોગના લીનાબેન અંકોલીયાએ મહિલા આયોગની પ્રવૃત્તિઓની માહિતી પુરી પાડી હતી અને મહિલાઓને સુરક્ષા, જાગૃતિ અને સલામતીની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

પૂ. ગુરૂમાએ દેશમાં મહિલાઓના આ કાર્યક્રમમાં મહિલા આયામની બહેનો ઉર્મિલાબેન લંબાણી, રાધા ભૂડીયા, કલ્પના પટેલે કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન કર્યું હતું.

# આજથી સે. ૧માં ધ્યાન યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

દિવ્ય જીવન સંઘ, શ્રી ગાયત્રી શક્તિપીઠ દ્વારા ધ્યાન-યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર તા. ૧ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન સવારે ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન સેક્ટર-૧, ગાયત્રી શક્તિપીઠ ખાતે યોજાશે. શિબિરમાં યોગાસન, પ્રાણાયમ, તણાવ નિયંત્રણ પર પ્રશિક્ષણ આપવામાં આવશે.

# ભારતીય કિસાનસંઘ દ્વારા રંગેચંગે બલરામ જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૧

ભારતીય કિસાન સંઘના ગાંધીનગર પ્રદેશ કાર્યાલય ખાતે પ્રભુ બલરામજીના જન્મદિન બલરામ જયંતિ કિસાન દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.

ગાંધીનગર ખાતે આવેલ બલરામ ભવન ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન જુદા જુદા ક્ષેત્રોમાં વિશિષ્ઠ સિદ્ધિ કૌશલ્ય કે પ્રદાન કરેલ ૧૩ જેટલી નારી પ્રતિભાઓનું સન્માન પત્ર અને મોમેન્ટો તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આજે યોજાયેલા આ કાર્યક્રમમાં બલરામ મંદિરમાં ધૂન ભજન અને પૂજા આરતી વિગેરે કાર્યક્રમો પણ કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી ચંદ્રિકાબેન સોંલીયાએ કિસાનસંઘમાં મહિલાઓના પ્રદાન અને સંગઠન વિશે જાણકારી આપી હતી.




ભુવનેશ્વર યુવક મંડળ સેક્ટર-૬ ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજનાં સહયોગથી ગણેશ મહોત્સવના પ્રથમ દિવસે જાણીતા ભજનીક રજત મહેતા અને જીતુભાઈ દ્વારકાવાળાએ હાજર પ્રેક્ષકોને ભક્તિ અને હાસ્યથી તરબોળ કરી દીધા હતા. આ પ્રસંગે મંગલદિપ પ્રાગટ્ય ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજ, મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું હતું. અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગના ડૉ. એસ.કે. નંદા ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩
સૂર્યાસ્ત : ૬.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :
આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. પુરીબેન સમાભાઈ વણકર (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૫/૨, સેક્ટર-એ, ગાંધીનગર
- સ્વ. બચુભાઈ મોહનલાલ વ્યાસ (ઉ.વ.૮૭) ૪૮૭/૧, સેક્ટર-૮બી, ગાંધીનગર.
- સ્વ. સોમાભાઈ મરઘાભાઈ પટેલ (ઉ.વ.૭૭) મુ. વાવોલ, તા.જી. ગાંધીનગર